# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૯ No U 9 Z તારીખ: 10 MAY 2019

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

M/s P.S. Eximps,
શેડ નં :૩૩૫, માર્શલીગ યાર્ડ, કાસેઝ,
તા- ગાંધીધામ- કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૫૫૮૪ ૩૩૭૧૧

વિષય :- કેસ નંબર પીજી ૦૧/૦૦૭/૨૦૧૯-૨૦

સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૧/૦૦૭/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ

(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, કાસેઝ (KFTZ)

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ № 092 તારીખ: 10 MAY 2019

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-01-007-2019-20.

અરજદાર: **M/s P.S. Eximps**
શેડ નં : ૩૩૫, માર્શલીંગ યાર્ડ, કાસેઝ,
તા. ગાંધીધામ-કચ્છ.

રજૂઆત કરનાર: શ્રી ઈશ્વરલાલ એન. વેલાણી (અધિકૃત પ્રતિનિધિ)

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ
રજૂઆત કરનાર: શ્રી એચ.બી.રાખોલિયા, કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ

## :: ફોરમ ::

૧) શ્રી એ.એસ.માંડલિયા, મેમ્બર ટેક
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, અંજાર.
તારીખ: ૧૨/૦૪/૨૦૧૯



Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી **P.S. Eximps ,** શેડ નં : ૩૩૫, માર્શલીંગ યાર્ડ, કાસેઝ,ગાંધીધામ મધ્યે ગ્રા.નં. ૮૬૮૦૮૦૧૧૧૪/૧થી ૮૯.૫ કિલોવોટનું એલ.ટી.એમ.ડી.નું વીજજોડાણ ધરાવે છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં વીજજોડાણમાં કરારીત વીજભાર કરતાં અમારી મહત્તમ માંગ વધારે જણાતાં અમોએ સદર વીજજોડાણને હળવા દબાણમાંથી ઉચ્ચ દબાણવાળા વીજજોડાણમાં ફેરબદલી સાથે ૧૧૫ કિલોવોટનું ભાવપત્રક આપવામાં આવેલ છે.

૧.૩ અરજદારશ્રીએ સદર સ્થળ પર આ જ કંપનીના નામે તા.03/૦૫/૨૦૧૩ના રોજ ગ્રા.નં. ૮૬૮૦૮/૦૧૧૧૪/૧, ૮૯.૫ કિલોવોટ લોડથી એલ.ટી.એમ.ડી.નું વીજજોડાણ, વેસ્ટ પ્લાસ્ટિકમાંથી ગ્રેન્યુઅલ/પાવડર બનાવવા પીજીવીસીએલ કચેરીમાંથી વીજજોડાણ મેળવેલ.

૧.૪ અરજદારશ્રી સદર સ્થળ પર પોતાના ત્રણ યુનિટ ચલાવે છે. જેમાં ૧) **P.S. Eximps ,** શેડ નં : ૩૩૫, માર્શલીંગ યાર્ડ, કાસેઝ,ગાંધીધામ, ૨) પ્રસાદ એન્ટરપ્રાઈઝ, પ્લોટ નં-૩૧૬/૩૧૭ અને ૩) પ્રસાદ એન્ટરપ્રાઈઝ, પ્લોટ નં-૩૩૯/૩૪૦, કાસેઝ, ગાંધીધામ. તેઓશ્રી આ ત્રણેય યુનિટમાં પ્લાસ્ટિક ગ્રેન્યુઅલ પાવડર બનાવે છે.

૧.૫ અરજદારશ્રી જણાવે છે કે, સદર વાંધાવાળી જગ્યા પર પીજીવીસીએલના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૭-૧૮માં તેઓએ મહત્તમ માંગ કરતા 4 વખત વધારે ઉપયોગ કરેલ છે. જે અરજદારને જાણ થતા તેઓ દ્વારા તે વીજજોડાણમાં લોડ વધારો કરાવવા માટે અરજી આપેલ જેમા તેઓને ભાવપત્રક (એલ.ટી.માંથી એચ.ટી.માં રૂપાંતર કરેલ) મળેલ છે. સદર સ્થળ પર આ અગાઉનાં વર્ષ ૨૦૧૬-૧૭માં જે મશીનરી હતી. એજ મશીનરી લાગેલ હતી અને છતાં ટેકનિકલ(મિકેનિકલ) ફોલ્ટ સર્જાતા સદર મહત્તમ માંગ ક્રોસ થયેલ છે. જે છેલ્લા ઓક્ટોબર-૨૦૧૭માં જણાયેલ છે. ત્યારબાદ ફેબ્રુઆરી-૨૦૧૯ સુધીમાં આ કરારિત વીજભાર જાળવી રાખેલ.

૧.૬ અરજદારશ્રી જણાવે છે કે, તેઓએ ઉપર જણાવેલ પોતાના કુલ ત્રણ જગ્યાએ આ જ પ્રોડક્સ હેતુસર ઔદ્યોગિક એકમ આવેલ છે. ઉપરોક્ત જણાવેલ વાંધાવાળી જગ્યા બાબતે વધારે લોડ અમોએ અન્ય જગ્યા એટલે કે પ્લોટ નં. ૩૧૬/૩૧૭માં શિફ્ટ કરી સદર જગ્યાના ગ્રા..નં. ૮૬૮૦૮/૦૦૧૬૫/૦, ૧૦૦ કિલોવોટ ના એચ.ટી. જોડાણ નં. ૩૨૧૧૨, ૪૦૦ કેવીએમાં ફેરવવા અરજી તા. તા.૩૧/૦૫/૨૦૧૮ના કરી અને ચાલુ તા.૨૬/૦૭/૨૦૧૮ના રોજ કરાવેલ, તેમજ અમારા અન્ય યુનિટ પ્લોટ નં. ૩૩૯/૩૪૦ના વીજ જોડાણ ૩૭૫ કેવીએ પણ અમોએ ૪૭૫ કેવીએ માં ફેરવવા અરજી તા. ૩૧/૦૫/૨૦૧૮ના રોજ કરેલ છે. આમ અમોએ સમયાંતરે લોડ વધારો માંગેલ અને બીલ પણ ભરેલ હતા.

૧.૭ આમ, અરજદારશ્રી કાસેઝ પેટાવિભાગીય કચેરી તરફથી રૂ. ૭,૬૨,૮૮૫/-નું ભાવપત્રક આપવામાં આવેલ છે. જે ઘણું મોટું હોઈ ભરપાઈ કરવામાંથી મુક્તિ આપવા બાબતે રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સુનાવણી સમયે સામાવાળા શ્રી એચ.બી.રાખોલિયા કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ વિભાગીય કચેરી ગાંધીધામ રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,



Scanned by CamScanner

૨.૧ અરજદારશ્રી **P.S. Eximps**,શેડ નં : ૩૩૫, માર્શલીંગ યાર્ડ, કાસેઝ,ગાંધીધામ મધ્યે ગ્રા.નં. ૮૬૮૦૮/૦૧૧૧૪/૧થી ૮૯.૫ કિલોવોટનું એલ.ટી.એમ.ડી.નું વીજજોડાણ કાસેઝ પેટાવિભાગીય કચેરી મધ્યે ધરાવે છે. તેઓએ જી.ઈ.આર.સી.ના નોટીફીકેશન ૨૦૧૫, સપ્લાય કોડ ક્લોઝ નં. ૪.૯૩ મુજબ ૨૦૧૭-૧૮માં ૫% વધુ કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ૪ વખત ક્રોસ કરેલ જે ફાઈનાન્સ વર્ષ ૨૦૧૭-૧૮માં નીચે મુજબ છે.

| મહિનો | એપ્રિલ-૧૭ | ઓગસ્ટ-૧૭ | સપ્ટે-૧૭ | ઓક્ટો-૧૭ |
|---|---|---|---|---|
| કોન્ટ્રાક્ટ ડીમાન્ડ | ૮૯.૫ | ૮૯.૫ | ૮૯.૫ | ૮૯.૫ |
| એક્ચ્યુઅલ ડીમાન્ડ | ૧૦૫ | ૧૦૫ | ૧૧૬ | ૧૧૮ |

૨.૨ અરજદારશ્રી દ્વારા ૪ વખત કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ક્રોસ કરેલ તેના માટે કાસેઝ પેટાવિભાગીય કચેરીએ અરજદારશ્રીને નોટીસ આપેલ કે તમો તમારાકોન્ટ્રાક્ટ ડીમાન્ડથી એવરેજ કરતાં વધારે લોડ વાપરેલ છે. જે મેક્સિમમ ચાર વખત રેકોર્ડ થયેલ છે. જે માટે કાસેઝ દ્વારા તેઓને નોટીસ નં. KASEZ/Tech/18/593,Dt.7-5-18થી આપેલ. જે અંગે અરજદારશ્રીને વિભાગીય કચેરી દ્વારા જીઈઆરસીના ક્લૉઝ નં. ૪.૯૫ મુજબ વાપરવા જણાવે છે.

૨.૩ અરજદારશ્રીને આ અંગે નોટીસથી જણાવેલ પરંતુ તેઓ દ્વારા પેટા વિભાગીય કચેરી કે વિભાગીય કચેરીમાં સંપર્ક કરવામાં આવેલ નહિં અને એસ્ટીમેન્ટ આપ્યા બાદ તેઓ આ એસ્ટીમેન્ટ ભરવા તૈયાર થયેલ નહિં.

૨.૪ અરજદારશ્રીની જણાવે છે કે, તેઓને એસ્ટીમેન્ટની રકમ વધુ આપેલ છે. પરંતુ એસ્ટીમેન્ટ એ કંપનીના કોષ્ટક ડેટા ૨૦૧૫-૧૬ પ્રમાણે બનાવેલ અને તેમાં ગ્રાહકના કિયેશન અને ડીપી સ્ટ્રક્ચર પણ સામેલ છે જે નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | સંખ્યા | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | રજીસ્ટ્રેશન ચાર્જ | ૧ | ૧૧૮૦.૦૦ |
| ૨ | જેટકો પ્રોરેટા ચાર્જ(૧૧૫૦-૧૧૫ કેવીએ) | ૧ | ૧,૩૨,૨૫૦.૦૦ |
| 3 | સર્વિસ કનેક્શન ચાર્જ+લાઈન ચાર્જ | ૧ | ૨,૪૫,૬૧૦.૦૦ |
| ૪ | એસ.ડી. ચાર્જ | ૧ | ૩,૮૩,૮૭૫.૦૦ |
| | | કુલ | ૭,૬૨,૮૮૫.૦૦ |

૨.૫ અરજદારશ્રી **P.S. Eximps**ની રજૂઆત અને માહિતી તેમનો લોડ એક્સટેન્શન એ તેમના બીજા યુનિટમે. પ્રસાદ એન્ટરપ્રાઈઝ એચ.ટી. ગ્રાહક નં. ૩૨૧૧૨ કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ૪૦૦ કેવીએ(એલ.ટી. માંથી એચ.ટી. કરેલ) જે પ્લોટ નં-૩૧૬/૩૧૭ કાસેઝ ગાંધીધામ અનેપ્રસાદ એન્ટરપ્રાઈઝ એચ.ટી. ગ્રાહક નં. ૩૨૦૬૩, કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ૪૭૫ કેવીએ(લોડ એક્સટેન્શન ૩૭૫+૧૦૦ = ૪૭૫ કેવીએ) જે પ્લોટ નં-૩૩૯/૩૪૦ કાસેઝ, ગાંધીધામ છે. પરંતુ પ્રસાદ એન્ટરપ્રાઈઝ અને **P.S. Eximps**બે અલગ ફર્મ છે અને બન્નેનાં લોકેશન(જગ્યા)પણ અલગ છે. માટે અરજદારશ્રીએ એક્ચ્યુઅલ ડીમાન્ડ વાપરેલ છે. તે માટે કાસેઝ દ્વારા તેઓને નોટીસ પણ આપેલ જેમાં જીઈઆરસીના સપ્લાય કોડની કલમ નં.૪.૯૫નો ભંગ થયેલ છે.

૨.૬ આમ, ઉપરોક્ત જણાવેલ બાબતને ધ્યાનમાં રાખેલ નહિં અને જીઈઆરસીના સપ્લાય કોડનો ભંગ કરેલ અને તેઓ તેના કોન્ટ્રાક્ટ ડીમાન્ડ કરતાં વધુ વપરાશ કરેલ. જેના કારણે તેઓને રૂ. ૭,૬૨,૮૮૫/-નો એસ્ટીમેન્ટ આપેલ જે કંપનીના નિયમ મુજબ છે.

## :: હુકમ ::

૩.૦ સુનાવણે સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.



Scanned by CamScanner

૩.૧ ફોરમ દ્વારા પીજીવીસીએલ તથા અરજદારશ્રીની રજૂઆત સાંભળવામાં આવેલ છે.

૩.૨ અરજદારશ્રી તેઓના ત્રણ યુનિટ ધરાવે છે. ૧) **P.S. Eximps**,શેડ નં : ૩૩૫, માર્શલીંગ યાર્ડ, કાસેઝ,ગાંધીધામ, ૨) પ્રસાદ એન્ટરપ્રાઈઝ, પ્લોટ નં-૩૧૬/૩૧૭ (૪૦૦ કેવીએ) અને ૩) પ્રસાદ એન્ટરપ્રાઈઝ, પ્લોટ નં-૩૩૯/૩૪૦, કાસેઝ, ગાંધીધામ (૪૭૫ કેવીએ).

૩.૩ અરજદારશ્રી તેઓના ત્રણ યુનિટમાં પ્રસાદ એન્ટરપ્રાઈઝમાં તેઓની જરૂરિયાત મુજબ સમયાંતરે લોડ વધારો કરાવે અને લોડ પ્રમાણે તેઓનો વપરાશ કરે છે. પરંતુP.S. Eximpsગ્રા.નં.૮૬૮૦૮/૦૦૧૧૪/૧ – ૮૯.૫ કિલોવોટ(એલ.ટી.) નો લોડ ધરાવે છે. તેમાં તેઓએ જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડનો ભંગ ૪ વાર કરેલ છે અને તે માટે તેઓશ્રીને કાસેઝ પેટાવિભાગીય કચેરી દ્વારા નોટીસ પણ આપવામાં આવેલ.

૩.૪ પીજીવીસીએલ દ્વારા અરજદારશ્રીને નોટીસ આપેલ અને અરજદારશ્રીને તેઓશ્રીના લોડ પ્રમાણે કોન્ટ્રાક્ટ ડીમાન્ડ વાપરવા જણાવેલ.**P.S. Eximps**જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડનો ભંગ ૪ વાર કરેલ છેજે અંગે તેઓને કાસેઝ દ્વારા નોટીસ આપવામાં આવેલ છે. જે અંગે તેઓએપેટા વિભાગીય કચેરી કે વિભાગીય કચેરીમાં સંપર્ક કરવામાં આવેલ નહિં અને એસ્ટીમેન્ટ આપ્યા બાદ તેઓ આ એસ્ટીમેન્ટ ભરવા તૈયાર થયેલ નહિં.

૩.૫ અરજદારશ્રીને આપેલ એસ્ટીમેટકંપનીના કોષ્ટ ડાટા૨૦૧૫-૧૬ પ્રમાણે આપેલ જે યોગ્ય અને ભરવાપાત્ર છે.

૩.૬ આમ, અરજદારશ્રીને આપવામાં આવેલ એસ્ટીમેટમાં યોગ્ય છે તેમાં કોઈપણ ફેરફાર કરવાની જરૂર નથી. અરજદારશ્રીને આપેલએસ્ટીમેટ રકમ રૂ. ૭,૬૨,૮૫૫.૦૦/- ભરવાપાત્ર છે. આમ, અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(એ.એસ.માંડલિયા)
મેમ્બર ટેક

ફરીયાદ નિવારણ ફોરમ કચ્છ પી.જી.વી.સી.એલ. ભુજ

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯



Scanned by CamScanner